

કહાન સંવત-૯ □ (૫૪૮) ❊ આત્મધર્મ ❊ (અંક-૧૨ વર્ષ-૪૫) □ વીર સં. ૨૫૧૫ જૂન ૧૯૮૯

# ઉત્પાદ્‌-વ્યય રહિત વાસ્તવિક આત્માનું સ્વરૂપ

[ શ્રી સમયસાર શાસ્ત્ર ગાથા-૧૩ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

અહીં સમયસારની ૧૩ મી ગાથાનો ભાવાર્થ ચાલે છે. નવતત્ત્વના ભેદ પર્યાયમાં છે તે જાણવાલાયક છે પણ આદરવાલાયક નથી. શુદ્ધ ચૈતન્યતત્ત્વની અનુભૂતિમાં તે નવતત્ત્વનો અભાવ છે એટલે કે અભેદમાં ભેદ દેખાતા નથી. સર્વથા અભેદ થઈ જાય તો તો વીતરાગ થઈ જાય માટે ભેદ નથી એમ નથી પણ અભેદદૃષ્ટિમાં ભેદ ગૌણ થઈ જાય છે.-સ્વભાવના અનુભવમાં ભેદ દેખાતા નથી.

પ્રથમ, નિર્ણયમાં વસ્તુનું યથાર્થ જ્ઞાન કરવા માટે પ્રત્યક્ષ, નિમિત્ત, ભેદ આદિ બધાનું જેમ છે તેમ જ્ઞાન કરવું જોઈએ. પણ પછી અનુભવ વખતે તે કોઈ ભેદ આદિ સહાયક થતાં નથી.

પ્રમાણ અને નય છે તેમ નિક્ષેપ પણ છે. ભગવાનની સ્થાપનામાં સ્થાપના-નિક્ષેપ-ભગવાનની પૂજા આદિ બધું હો પણ તે સમ્યગ્દર્શનનું કારણ નથી, 'ધવલ'માં આવે છે કે 'જિનબિંબદર્શનથી મિથ્યાત્વના ટૂકડાં થઈ જાય છે' તે વ્યવહારનયનું કથન છે—નિમિત્તથી કથન છે. જિનબિંબના દર્શન કરીને પોતાના ચૈતન્યબિંબના દર્શન કરે તો મિથ્યાત્વના ટૂકડા થાય. વ્યવહાર ઉપચારથી કહે છે તેથી વ્યવહાર કહે તેમ જ માની લેવું તે મિથ્યાત્વ છે. ચાર નિક્ષેપને બરાબર જાણવા પણ તેનો આશ્રય કરવાનો નથી.

ચારેય નિક્ષેપને પોતપોતાના ભિન્ન લક્ષણથી અનુભવ કરતાં તે ચારેય નિક્ષેપ ભૂતાર્થ છે-સત્યાર્થ છે. અનુભવ કરતાં એટલે જ્ઞાન કરતાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદ સત્યાર્થ છે પણ નિજ શુદ્ધાત્માની અનુભૂતિના કાળે તે ચાર ભેદ અભૂતાર્થ છે-અસત્યાર્થ છે, અનુભૂતિમાં તે સહાયક નથી. ભાવનિક્ષેપ પણ પર્યાય છે. પોતાની કે ભગવાનની પર્યાયના આશ્રયથી સમ્યગ્દર્શન થતું નથી. અંતર્મુખદૃષ્ટિ કર્યા વિના કદી ત્રણ કાળમાં સમ્યગ્દર્શન થતું નથી.

નિયમસારમાં તો ૫૦ મી ગાથામાં મુનિરાજ કહે છે, ભલે પોતાની પર્યાય હો પણ તે પરદ્રવ્ય, પરભાવ અને હેય છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ચારેય ભાવ હેય કેમ? કે તે પરસ્વભાવ છે. પર્યાયના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન થતી નથી માટે તેને પરસ્વભાવ કહી છે અને પરસ્વભાવ છે માટે પરદ્રવ્ય છે. જેમ પર-

[ અનુસંધાન માટે જુઓ પાનું-૨૧ ]

કહાન
સંવત-૯
વર્ષ-૪૫
અંક-૧૨
[ ૫૪૮ ]






વીર
સંવત
૨૫૧૫
સં. ૨૦૪૫
June
A. D. 1989

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


સ્વાનુભવપ્રેરણામૂર્તિ, દ્રવ્યદૃષ્ટિપ્રકાશક, ધર્મયુગસ્રષ્ટા
કરુણાસાગર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની
જન્મશતાબ્દીવર્ષના ઉપલક્ષમાં
વિવિધ આધ્યાત્મિક ગ્રંથોમાંથી વીણેલાં
૧૦૦

## પરમાગમ–ચિંતામણિ–રત્નો

* હે ભવ્ય! લોકમાં નમન કરવાયોગ્ય પુરુષો તે પણ જેને નમે છે, ધ્યાવવાયોગ્ય પુરુષો તે પણ જેનું નિરંતર ધ્યાન કરે છે તથા સ્તુતિ કરવાયોગ્ય પુરુષો તે પણ જેની સ્તુતિ કરે છે એવો પરમાત્મા આ દેહમાં જ બિરાજે છે. તેને ગમે તેમ કરીને પણ જાણ. ૧.

(શ્રી કુંદકુંદ આચાર્ય, મોક્ષપાહુડ, ગાથા–૧૦૩)

* જે પરમાત્મા છે તે જ હું છું તથા જે હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસ્ય નથી એવી વસ્તુસ્થિતિ છે. ૨. (શ્રી પૂજ્યપાદ આચાર્ય, સમાધિતંત્ર, શ્લોક–૩૧)

* જેઓ મોક્ષની ઇચ્છા રાખીને પરદ્રવ્યની ઉપાસના કરે છે–પરદ્રવ્યના ભક્ત અને સેવક બની તેમની જ પાછળ ડોલે છે–તે મૂઢજનો હિમવાન પર્વત પર ચઢવાની ઇચ્છા ધરાવતાં સમુદ્ર તરફ ચાલ્યા જાય છે—એમ હું માનું છું. ૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર–પ્રાભૃત, જીવ અધિકાર, ગાથા–૫૦)

* જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, વહ મૈં હી હૂં જો કિ અવિનાશી દેવસ્વરૂપ હૂં; જો મૈં હૂં વહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઇસ પ્રકાર નિઃસંદેહ તૂ ભાવના કર. ૪. ( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, શ્લોક-૧૭૫ )

* જે સિદ્ધભગવાન દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મથી રહિત છે, કેવળજ્ઞાનાદિ અનંતગુણોથી પૂર્ણ છે તે જ હું સિદ્ધ છું, શુદ્ધ છું, નિત્ય છું, એક છું અને નિરાવલંબી છું. ૫. ( શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૭ )

* સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે,—જેમના સ્વરૂપનું સંસારી ભવ્યજીવો ચિંતવન કરીને, તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે. ૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧ )

* જો પરમાત્મા હૈ વહી મૈં હૂં તથા જો મૈં હૂં વહી પરમાત્મા હૈ—યહ સમજકર હે યોગીન્! અન્ય કુછ ભી વિકલ્પ મત કરો. ૭.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૨૨ )

* દ્વાદશાંગકા તથા હરએક પૂર્વકા સાર યહી કહા ગયા હૈ કિ યદ્યપિ મેરા આત્મા શરીર સહિત હૈ તથાપિ નિશ્ચયસે યહ આત્મા પરમાત્મા હૈ ઐસા જાનના યોગ્ય હૈ. ૮.

( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૭૬ )

* જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન ( સંસારી ) જીવો છે, જેથી ( તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક ) જન્મ-જરા-મરણથી રહિત અને આઠગુણોથી અલંકૃત છે. ૯.

( શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૭ )

* યહ આત્મા હી નિશ્ચયસે શ્રી જિનેન્દ્ર પરમાત્મા હૈ. હે ભાઈ! તારણતરણસ્વરૂપ જિનેન્દ્રદેવ જિસકો જિન કહતે હૈં ઐસે અપને આત્મારૂપી જિનભગવાનકા ધ્યાન કરો. યહ આત્મા હી નિશ્ચયસે તારણતરણ અરહંત પરમાત્મા હૈ. ૧૦.

( શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૩૪૯ )

* મેરા આત્મા પરમાત્મા હૈ, પરમજ્યોતિપ્રકાશસ્વરૂપ હૈ. જગતમેં જ્યેષ્ઠ હૈ, મહાન હૈ; તો ભી વર્તમાન દેખને માત્ર રમણીક ઔર અંતમેં નીરસ ઐસે ઇન્દ્રિયોંકે વિષયોંસે ઠગાયા ગયા હૂં. ૧૧.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, પ્રકરણ-૩૧, શ્લોક-૮)

* હે ભવ્ય! જ્યારે સ્ફટિકમણિની જિનમૂર્તિસમાન અંતરમાં પોતાના શુદ્ધાત્માને તું ભાવીશ ત્યારે કર્મજાળ આપોઆપ ક્ષણમાં કટ થઈ જશે, અને આત્મભાવોમાં તું પરિશુદ્ધ થઈશ. ૧૨.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૩૮)

* અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ—એ પાંચે પરમેષ્ઠીઓ આ આત્માના જ પરિણામ છે. તેથી આત્મા જ મને શરણ છે. ૧૩. (શ્રી કુંદકુંદાચાર્યદેવ, બાર-અનુપ્રેક્ષા, ગાથા-૧૨)

* હે ઉત્તમ મતિમાન! "શુદ્ધચિદ્રૂપોહં," શુદ્ધ ચિદ્રૂપ હું (છું), એ છ અક્ષરોને તું નિરંતર વિચાર. તે સદ્દવિચારણાથી તને સારી રીતે સમજાશે કે એ શુદ્ધ ચિદ્રૂપનું સ્મરણ એ જ સંસારમાં સર્વ તીર્થમાં ઉત્તમ તીર્થ છે, શાસ્ત્રજ્ઞાનરૂપ સમુદ્રમાં ઉત્પન્ન થયેલું શીઘ્ર ગ્રહણ કરી લેવા યોગ્ય ઉત્તમ અમૂલ્ય રત્ન છે, સર્વ સુખનું નિધાન છે, મોક્ષપદમાં પહોંચાડનાર ત્વરિત ગતિવાળું વાહન છે, કર્મના સમૂહરૂપ ધૂળને દૂર કરવા વાયુનો વંટોળ છે અને સંસાર-પરિભ્રમણરૂપ વનને બાળી ભસ્મ કરવા અગ્નિ છે; એમ તું નિશ્ચયે જાણ. ૧૪.

(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાનતરંગિણી, અધ્યાય-૨, ગાથા-૭)

* હું સદા જ્ઞાતા છું, દ્રષ્ટા છું, પંચપદ છું, ત્રિભુવનનો સાર છું, હું બ્રહ્મ, ઈશ, જગદીશસ્વરૂપ છું, 'સોહં' (એવો જે હું) તેના પરિચયથી જ હું ભવોદધિથી તરી જઈશ. ૧૫.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું-૧૬૩)

* આ આત્મા કર્મકૃત રાગાદિ અથવા શરીરાદિથી સંયુક્ત ન હોવા છતાં પણ અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે અને તે પ્રતિભાસ જ નિશ્ચયથી સંસારના બીજરૂપ છે. ૧૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પુરુષાર્થસિદ્ધિ ઉપાય, ગાથા-૧૪)

* જો કે શુદ્ધોપયોગલક્ષણવાળું ક્ષાયોપશમિકજ્ઞાન મુક્તિનું કારણ થાય છે તોપણ ધ્યાન કરનાર પુરુષે 'નિત્ય સકળ નિરાવરણ, અખંડ, એક, સંપૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન જેનું લક્ષણ છે એવું પરમાત્મસ્વરૂપ તે જ હું છું, ખંડજ્ઞાનરૂપ નહિ'—એવી ભાવના કરવી. ૧૭.

(શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા–૩૪)

* યોગીઓને પોતાના ધ્યાન વખતે જે શુદ્ધ આત્મા દેખાય છે તે જ પરમબ્રહ્મ છે, તે જ જિન છે, તે જ પરમ તત્ત્વ છે, તે જ પરમગુરુ છે, તે જ પરમજ્યોતિ છે, તે જ પરમ તપ છે, તે જ પરમ ધ્યાન છે, તે જ પરમાત્મા છે, તે જ સર્વ કલ્યાણરૂપ છે, તે જ સુખનું ભાજન છે, તે જ શુદ્ધ ચિદ્રૂપ છે, તે જ પરમ શિવ છે, તે જ પરમ આનંદ છે, તે જ સુખદાયક છે, તે જ ઉત્કૃષ્ટ ચૈતન્ય છે અને સર્વ ગુણોનો ભંડાર પણ તે જ છે અર્થાત્ ધ્યાનમાં અનુભવમાં આવતો શુદ્ધ આત્મા તે જ જીવનું સર્વસ્વ છે. ૧૮. (પરમાનંદ સ્તોત્ર, શ્લોક–૧૯)

* સુગુરુની મહાન છત્રછાયા પામીને પણ હે જીવ! તું સકળ કાળ સંતાપને જ પામ્યો. પરમાત્મા નિજદેહમાં વસતા હોવા છતાં તેં પત્થર પર પાણી ઢોળ્યું. ૧૯. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૩૦)

* જે મુનિ. આ અપવિત્ર શરીરથી પોતાના આત્માને ભિન્ન-જ્ઞાયકસ્વરૂપ જાણે છે તેણે સર્વ શાસ્ત્રો જાણ્યાં. ૨૦.

(શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા–૪૬૩)

* પ્રથમ તો હું સ્વભાવથી જ્ઞાયક જ છું, કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની (સમસ્ત પદાર્થોની) સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણસંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામિલક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે. ૨૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા–૨૦૦)

* જીવ ભિન્ન છે અને પુદ્‌ગલ ભિન્ન છે, આટલો જ તત્ત્વ–કથનનો સાર છે. (એના સિવાય) બીજું જે કંઈ કહેવાય છે તે એનો જ વિસ્તાર છે. ૨૨. (શ્રી પૂજ્યપાદસ્વામી, ઇષ્ટોપદેશ, ગાથા–૫૦)

* હે જીવ! હું અકિંચન છું અર્થાત્ મારું કાંઈ પણ નથી એવી સમ્યક્ ભાવના પૂર્વક તું નિરંતર રહે, કારણ કે એ જ ભાવનાના સતત ચિંતવનથી તું ત્રૈલોકયનો સ્વામી થઈશ. આ વાત માત્ર યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું. ૨૩. (શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૦)

* આત્માને એકરૂપ શ્રદ્ધવો અથવા એકરૂપ જ જાણવો જોઈએ તથા એકમાં જ વિશ્રામ લેવો જોઈએ, નિર્મળ-સમળનો વિકલ્પ ન કરવો જોઈએ. એમાં જ સર્વસિદ્ધિ છે, બીજો ઉપાય નથી. ૨૪.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૨૦)

* સિદ્ધગતિમાં જેવા સર્વમલરહિત જ્ઞાનસ્વરૂપી સિદ્ધભગવાન બિરાજમાન છે, તેવો જ દેહની અંદર બિરાજમાન પરમબ્રહ્મસ્વરૂપ પોતાનો આત્મા જાણવો જોઈએ. ૨૫. (શ્રી દેવસેન આચાર્ય, તત્ત્વસાર, ગાથા-૨૬)

* હે દેવ! તું દેવનું આરાધન કરે છે પણ તારા પરમેશ્વર ક્યાં ચાલ્યા ગયા? જે શિવ-કલ્યાણરૂપ પરમેશ્વર સર્વાંગમાં બિરાજી રહ્યા છે તેને તું કેમ ભૂલી ગયો? ૨૬. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૫૦)

* ભલે ૧૧ અંગ સુધીના શાસ્ત્રો હંમેશા ભણ્યા કરે પણ જે આત્મતત્ત્વનો બોધ નથી કરતો તથા જિનદેવસમાન નિજાકારને પોતામાં નથી દેખતો, તે જીવ કલ્યાણ-પ્રાપ્તિને માટે યોગ્ય નથી. ૨૭.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક-૫૨)

* જો જિનદેવ હૈ વહ મૈં હૂં, વહી મૈં હૂં-ઇસકી ભ્રાંતિ રહિત હોકર ભાવના કર. હે યોગિન્! મોક્ષકા કારણ કોઈ અન્ય મંત્ર-તંત્ર નહીં હૈ. ૨૮. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૭૫)

* સબસે ઉત્કૃષ્ટ પરમ તત્ત્વ એક પરમાત્મા હૈ. અપને હી ઉત્કૃષ્ટ સ્વભાવકે દ્વારા વહ પહચાના જાતા હૈ. નિશ્ચયસે આત્મા જો હૈ વહી પરમાત્મા હૈ. જિસકે ભીતર યહ ઉત્તમ તત્ત્વ પ્રગટ હો જાતા હૈ વહ ઉત્તમ મુક્તિપદસે જાકર મિલ જાતા હૈ. ૨૯.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૭૧)

* શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપે સર્વ જીવો શુદ્ધ-બુદ્ધ-એકસ્વભાવી હોવાથી ઉપાદેય છે અને વ્યક્તિરૂપે પંચપરમેષ્ઠી જ ઉપાદેય છે. તેમાં પણ ( પંચ પરમેષ્ઠીમાં પણ ) અર્હંત અને સિદ્ધ—એ બે જ ઉપાદેય છે. એ બેમાં પણ નિશ્ચયથી સિદ્ધ જ ઉપાદેય છે અને પરમ નિશ્ચયનયથી તો ભોગાકાંક્ષાદિરૂપ સમસ્ત વિકલ્પ જાળ રહિત પરમ સમાધિ કાળે સિદ્ધ સમાન સ્વ-શુદ્ધાત્મા જ ઉપાદેય છે, અન્ય સર્વ દ્રવ્યો હેય છે. ૩૦.

( શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, અધિ.-૧ નો ઉપસંહાર )

* શબ્દોંસે શબ્દાર્થકા બોધ હોતા હૈ. શબ્દોંસે પદ જાના જાતા હૈ. આત્મા પરમાત્માકે બરાબર હૈ, યહ જાનના હી શાસ્ત્રજ્ઞાનકા મતલબ હૈ. ૩૧. ( શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, ગાથા-૪૯ )

* શુદ્ધનયની દૃષ્ટિથી જોવામાં આવે તો સર્વ કર્મોથી રહિત ચૈતન્યમાત્ર દેવ અવિનાશી આત્મા અંતરંગમાં પોતે વિરાજી રહ્યો છે. આ પ્રાણી—પર્યાયબુદ્ધિ બહિરાત્મા—તેને બહાર ઢૂંઢે છે તે મોટું અજ્ઞાન છે. ૩૨.

( શ્રી સમયસાર, શ્લોક-૧૨ નો ભાવાર્થ )

* જગતિલક આત્માને છોડીને પરદ્રવ્યમાં રમે છે, ....તો શું મિથ્યાદૃષ્ટિને માથે શીંગડા હોતા હશે ? ( શ્રેષ્ઠ આત્માને છોડીને પરમાં રમણતા કરે છે તે મિથ્યાદૃષ્ટિ જ છે. ) ૩૩.

( શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૭૦ )

* શ્રુતકેવલીને કહા હૈ કિ તીર્થોંમેં દેવાલયોંમેં દેવ નહીં હૈં, જિનદેવ તો દેહ-દેવાલયમેં વિરાજમાન હૈં—ઇસે નિશ્ચિત સમઝો. ૩૪.

( શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૩૨ )

* ચૈતન્યતત્ત્વ નિશ્ચયથી પોતામાં જ સ્થિત છે, તે ચૈતન્યસ્વરૂપ તત્ત્વને જે અન્ય સ્થાનમાં સ્થિત સમજે છે તે મૂર્ખ મુઠ્ઠીમાં રાખેલી વસ્તુને પ્રયત્ન પૂર્વક વનમાં શોધી રહ્યો છે. ૩૫.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સદ્બોધ ચંદ્રોદય અધિકાર, શ્લોક-૯ )

* જો સિદ્ધાલય હ વહ દેહાલય હૈ અર્થાત્ જૈસા સિદ્ધલોકમેં વિરાજ રહા હૈ વૈસા હી હંસ ( આત્મા ) ઇસ ઘટ ( દેહ )મેં વિરાજમાન હૈ. ૩૬.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૨૫ )

* યહ આત્મા પરમાત્માકે સમાન હૈ. દોનોંકે સ્વભાવમેં નિશ્ચયસે કોઈ અંતર નહીં હૈ, યહ આત્મા પરમાનંદમેં કલ્લોલ કરનેવાલા હૈ પરમાત્મા પરમ શુદ્ધ હૈ. રાગાદિ રહિત વીતરાગ હૈ, કર્મમલ રહિત નિર્મલ હૈ તથા અવિનાશી હૈ. ૩૭. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૭૯)

* દેહદેવળમાં તું પોતે શિવ વસે છે, અને તું તેને બીજા દેવળમાં ઢૂંઢે છે! અરે, સિદ્ધપ્રભુ ભિક્ષા માટે ભમી રહ્યા છે—એ દેખીને મને હાસ્ય (આશ્ચર્ય) થાય છે. ૩૮. (શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૬)

* પરમાત્મદેવ દેહમાં સ્થિત હોવા છતાં પણ જે દેવને બીજે ગોતે છે તે મૂઢબુદ્ધિ ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ ભિક્ષા માટે બહાર ભટકે છે તેમ હું માનું છું ૩૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર, શ્લોક-૨૨)

* જિનદેવ દેહ-દેવાલયમેં વિરાજમાન હૈ; પરંતુ જીવ (ઇંટ પત્થરોંકે) દેવાલયોંમેં ઉનકે દર્શન કરતા હૈ—યહ મુજે કિતના હાસ્યાસ્પદ માલૂમ હોતા હૈ યહ બાત ઐસી હી હૈ જૈસે કોઈ મનુષ્ય સિદ્ધિ હો જાનેપર ભિક્ષાકે લિયે ભ્રમણ કરે. ૪૦. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૪૩)

* જે ભગવાન-આત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃતકૃત્યતા એકાએક જ આનંદ પૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે; તે ભગવાન-આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ (બાહ્ય પદાર્થો તરફ) કેમ દોડી રહ્યાં છો? ૪૧.

(શ્રી પદ્મનંદી-આચાર્ય, પદ્મનંદી-પંચવિંશતિ, ધર્મોપદેશમૃત, શ્લોક-૧૪૬)

* યહી આત્મા નિશ્ચયનયસે પરમાત્મા હૈ. વ્યવહારનયસે અનાદિ કર્મોંકે બંધનકે કારણ યહ પરાધીન હોકર દૂસરોંકી જાપ કરતા હૈ પરંતુ જબ યહ નિશ્ચયસે અપને આત્માકો જાને તો યહી પરમાત્મા દેવ હૈ. જો પરમાત્મા જ્ઞાનસ્વરૂપ હૈ વહી મૈં અવિનાશી દેવ હૂં. જો મૈં હૂં સોહી ઉત્કૃષ્ટ પરમાત્મા હૈ. ઇસ તરહ તૂ નિઃશંક હોકર ભાવના કર. હે જીવ! જૈસે નિર્મલ સ્ફટિકમણિસે ઉસકે નીચે લગે સબ ડાક ભિન્ન હૈં વૈસે હી ઇસ આત્માકે સ્વભાવસે સર્વ હી શુભ વ અશુભ કર્મકે સ્વભાવ ભિન્ન હૈ ઐસા માન. ૪૨. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૨૦૨)

* નિશ્ચયનયસે દેખા જાવે તો યહ મેરા આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત શુદ્ધ હૈ. મેરા આત્મા હી શુદ્ધાત્મા હૈ. ઇસ દેહકે ભીતર વિરાજમાન હૈ તથાપિ મૂર્તિક દેહ રહિત અમૂર્તિક હૈ. યહ મેરા આત્મા હી નિશ્ચયસે પરમાત્મા હૈ. ૪૩. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૪૪)

* હે યોગીન્! મોક્ષ પ્રાપ્ત કરનેમેં શુદ્ધાત્મા ઔર જિનભગવાનમેં કુછ ભી ભેદ ન સમઝો—યહ નિશ્ચય માનો. ૪૪.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૨૦)

* મેરા આત્મા નિશ્ચયસે અપને હી સ્વભાવમેં રહતા હૈ, મેરા આત્મા હી પરમાત્મારૂપ હૈ. ઇસી ભાવસે રાગકા ક્ષય હો જાતા હૈ તથા વીતરાગ શુદ્ધ કેવલજ્ઞાનમય સ્વભાવ ઝલક જાતા હૈ, ફિર શેષ કર્મોંકો ક્ષય કરકે યહ નિર્વાણ ચલા જાતા હૈ. ૪૫. (શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૫૩૩)

* જૈસા કેવલજ્ઞાનાદિ પ્રગટસ્વરૂપ કાર્યસમયસાર ઉપાધિરહિત, ભાવકર્મ–દ્રવ્યકર્મ–નોકર્મરૂપ મલસે રહિત, કેવલજ્ઞાનાદિ અનંતગુણરૂપ સિદ્ધ પરમેષ્ઠી દેવાધિદેવ પરમ આરાધ્ય મુક્તિમેં રહતા હૈ, વૈસા હી સબ લક્ષણો સહિત પરબ્રહ્મ, શુદ્ધ, બુદ્ધ, એક સ્વભાવ પરમાત્મા, ઉત્કૃષ્ટ શુદ્ધ દ્રવ્યાર્થિકનયકર શક્તિરૂપ પરમાત્મા શરીરમેં તિષ્ઠતા હૈ. ઇસલિયે હે પ્રભાકર ભટ્ટ! તૂ સિદ્ધ ભગવાનમેં ઔર અપનેમેં ભેદ મત કર. ૪૬.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૨૬)

* જેમ નેત્ર (દશ્ય પદાર્થોને કરતું–ભોગવતું નથી, દેખે જ છે), તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે, અને બંધ, મોક્ષ, કર્મોદય તથા નિર્જરાને જાણે જ છે. ૪૭. (શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૩૨૦)

* 'શુદ્ધ નિશ્ચયનયથી મુક્તિમાં તેમ જ સંસારમાં તફાવત નથી;' આમ જ ખરેખર, તત્ત્વ વિચારતાં (–પરમાર્થ વસ્તુસ્વરૂપનો વિચાર અથવા નિરૂપણ કરતાં), શુદ્ધ તત્ત્વના રસિક પુરુષો કહે છે. ૪૮.

(શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૭૩)

* પરમ શુદ્ધ નિશ્ચયનયથી જીવમાં સંવર જ નથી તેથી સંવરના વિકલ્પ રહિત આત્માનું શુદ્ધભાવપૂર્વક નિરંતર ચિંતવન કરવું જોઈએ. ૪૯.

(શ્રી કુન્દકુન્દ આચાર્ય, બાર ભાવના, ગાથા–૬૫)

* વ્યવહારનયકર દ્રવ્યકર્મ, નોકર્મકા સંબંધ હોતા હૈ. ઉસસે રહિત ઔર અશુદ્ધ નિશ્ચયનયકર રાગાદિકકા સંબંધ હૈ ઉસસે તથા મતિજ્ઞાનાદિ વિભાવગુણોંકે સંબંધસે રહિત ઔર નર નારકાદિ ચતુર્ગતિરૂપ વિભાવ-પર્યાયોંસે રહિત ઐસા જો ચિદાનંદ ચિદ્રૂપ એક અખંડસ્વાભવ શુદ્ધાત્મતત્ત્વ હૈ વહી સત્ય હૈ. ઉસીકો પરમાર્થરૂપ સમયસાર કહના ચાહિયે. વહી સબ પ્રકાર આરાધને યોગ્ય હૈ. ૫૦.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૭)

* સિદ્ધ ભગવાનકે સમાન હી નિશ્ચયસે મેરા આત્મા કર્મમલ રહિત શુદ્ધ હૈ, શુદ્ધ સ્વભાવમેં તન્મય હૈ તથા રત્નત્રયસ્વરૂપ હ, સંસારકે ભ્રમણસે રહિત હૈ. યહ આત્મા હી વાસ્તવમેં પરમાત્મા હૈ, પરમ વીતરાગ વ નિર્દોષ હૈ. ૫૧. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક–૭૦૬)

* આ આત્મા કર્મોના બંધનથી સહિત હોવા છતાં કર્મબંધનથી રહિત છે, રાગ–દ્વેષથી મલિન હોવા છતાં નિર્મલ છે અને દેહધારી હોવા છતાં દેહથી રહિત છે, તેથી આચાર્ય કહે છે કે આત્માનું સ્વરૂપ આશ્ચર્યકારી છે. ૫૨. (શ્રી પદ્મનંદી આચાર્ય, સદ્બોધચંદ્રોદય અધિકાર, શ્લોક–૧૩)

* સિદ્ધાંતમાં કહ્યું છે કે "**निष्क्रियः शुद्धपारिणामिकः**" અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધ-પારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા–રાગાદિ–પરિણતિ, તે–રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા—શુદ્ધભાવનાપરિણતિ, તે–રૂપ પણ નથી. ,માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે). ૫૩.

(શ્રી જયસેન આચાર્ય, સમયસાર–ટીકા, ગાથા–૩૨૦)

* યહ આત્મા ચિદાનંદમઈ પરમાત્માકે સ્વભાવકે સમાન હૈ, ઐસી ભાવના કરનેસે કર્મોકા ક્ષય હો જાતા હૈ; જૈસે સિંહકો દેખતે હી હાથિયોંકે સમૂહ ભાગ જાતે હૈં, દષ્ટિસે બાહર હો જાતે હૈં. ૫૪.

(શ્રી તારણસ્વામી, ઉપદેશશુદ્ધસાર, શ્લોક–૩૦૯)

* હે યોગીશ્વર! નિશ્ચયનયકર વિચારા જાવે તો યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હ ઔર ન બંધ-મોક્ષકો કરતા હૈ, અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બંધ-મોક્ષસે રહિત હૈ ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં. ૫૫.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૬૮)

* હમ ભી શ્રી જિનેન્દ્રદેવકે સમાન જ્ઞાનગોચર હૈં. હમ ભી સ્વાનુભવગોચર હૈં. હમ ભી પરમાનંદ સ્વભાવકે ધારી હૈં. હમ અપને આનંદમયી સ્વરૂપમેં મગન હૈં. હમ હી મુક્તિસ્વરૂપ હૈં, હમ હી સિદ્ધસ્વભાવકે ધારી હૈં. ઇસ તરહ સાધકકો એક દ્રવ્યાર્થિકનયકી અપેક્ષા અપને આત્માકે સ્વરૂપકા મનન કરના ચાહિયે. ૫૬.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ–૧, પાનું–૩૨૧)

* જો જિનભગવાન હૈ વહી મૈં હૂં—યહી સિદ્ધાંતકા સાર સમજો. ઇસે સમજકર હે યોગીજનો! માયાચારકો છોડો. ૫૭.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા–૨૧)

* હે ભવ્ય! હું તને એક વસ્તુ સમજાવું છું, અત્યંત પ્યારથી તે તું સાંભળ અને સમજ—'આ આત્મા પોતે નિત્ય સત્-ચિત્-આનંદ-સ્વરૂપ છે. તેને તું કદી ભૂલીશ મા'. ૫૮.

(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક–૯)

* ભાવસે ભાવોંકી શુદ્ધિ હોતી હૈ, વહ ભાવ યહ હૈ કિ યહ અપના આત્મા નિશ્ચયસે પરમાત્મારૂપ નિર્મલ અપને સ્વભાવમેં રહનેવાલા હૈ. યહી ભાવ ભવ્યજીવોંકે લિયે શરણ હૈ. જો ઇસ આત્માનુભવરૂપી ભાવકી આરાધના કરતે હૈં વે નિર્વાણકો જાતે હૈં. ૫૯.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર શ્લોક–૯૦૭)

* જીવદ્રવ્ય કવચિત્ સદ્ગુણો સહિત વિલસે છે–દેખાય છે, કવચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, કવચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે અને કવચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાંથી સહિત હોવા છતાં પણ જે એ બધાંથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું. ૬૦.

(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૬)

* અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને "આ અનુભૂતિ છે તે જ હું છું." એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. ૬૧.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૧૮)

* જે એકેન્દ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ-પુદ્‌ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહાર-નયથી, જીવના પ્રાધાન્ય દ્વારા (જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઇન્દ્રિયો તથા પૃથ્વી આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી. તેમનામાં જ, જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ-ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. ૬૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય, ગાથા-૧૨૧ ની ટીકા)

* ભાવકર્મ-ગુફામાં રાગદ્વેષમોહના પ્રકાશમાં છપાયેલું સ્વરૂપ રહે છે તે પ્રકાશ તારા નાથનો અશુદ્ધ સ્વાંગ છે. તેમાં તું શોધ. ભય ન કર! નિઃશંક જાણી એ રાગદ્વેષમોહની દોરી સાથે જઈ ખોળ. જે પ્રદેશથી (એ રાગદ્વેષમોહની દોરી) ઊઠી એ જ તારો નાથ છે. દોરીને ન જો. જેના હાથમાં એ દોરી છે તેને વળગ્યે તુરત મળશે. (તારો નાથ) પોતાના જ્ઞાનમહિમાને છુપાવીને બેઠો છે. તેને તું પીછાણ. આ ગુપ્ત જ્ઞાન થતાં એ નાથ છુપાઈ શકે નહિ. ત્યાં તું ચેતના પ્રકાશરૂપ ચિદાનંદરાજાને પામી સુખી થઈશ. ૬૩. (શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું-૯)

* મોક્ષાર્થી સજ્જનને માટે 'આત્મા' એવા બે અક્ષર જ બસ છે; તેમાં જે તન્મય થાય છે તેને મોક્ષસુખ હથેળીમાં છે. ૬૪.

(શ્રી નેમીશ્વર વચનામૃત-શતક, શ્લોક-૮૭)

* ટાંકીસે ઉકેરી મૂર્તિકે સમાન અવિનાશી, સ્વભાવસે અમિટ યહ આત્મા હૈ. દર્શનમોહનીયકર્મમલકી મૂઢતાસે રહિત યહ આત્મા હૈ. આત્મા પરમાત્મસ્વરૂપ હૈ. શુદ્ધ જ્ઞાનમઈ હૈ. કર્મમલ રહિત પરમાત્મા હૈ. ૬૫. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૬૨)

* દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે તો ( જ્ઞાયકભાવ ) દુરંત કષાયચક્રના ઉદયની ( -કષાય સમૂહના અપાર ઉદયોની ) વિચિત્રતાના વશે પ્રવર્તતા જે પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે પરિણમતો નથી. ( જ્ઞાયકભાવથી જડભાવરૂપ થતો નથી. ) તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી. ૬૬.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૬ )

* સંસારીમાં સાંસારિક ગુણો હોય છે અને સિદ્ધ જીવમાં સદા સમસ્ત સિદ્ધિસિદ્ધ ( મોક્ષથી સિદ્ધ અર્થાત્ પરિપૂર્ણ થયેલા ) નિજ પરમગુણો હોય છે—આ પ્રમાણે વ્યવહારનય છે. નિશ્ચયથી તો સિદ્ધિ પણ નથી જ અને સંસાર પણ નથી જ. આ બુધ પુરુષોનો નિર્ણય છે. ૬૭.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૩૫ )

* આત્મા વિભાવ-પરિણતિથી દુઃખી દેખાય છે, પણ તેની શુદ્ધ ચૈતન્ય-શક્તિનો વિચાર કરો તો તે સાહજિક શાંતિમય જ છે. તે કર્મના સંયોગથી ગતિ-યોનિનો પ્રવાસી કહેવાય છે, પણ તેનું નિશ્ચય સ્વરૂપ જુઓ તો કર્મબંધનથી મુક્ત પરમેશ્વર જ છે. તેની જ્ઞાયક શક્તિ ઉપર દૃષ્ટિ મૂકો તો તે લોકાલોકનો જ્ઞાતાદૃષ્ટા છે, જો તેના અસ્તિત્વ ઉપર ધ્યાન આપો તો નિજ ક્ષેત્રાવગાહ-પ્રમાણ જ્ઞાનનો પિંડ છે. આવો જીવ જગતનો જ્ઞાતા છે. તેની લીલા વિશાળ છે, તેની કીર્તિ ક્યાં નથી? અનાદિકાળથી ચાલી આવે છે અને અનંતકાળ સુધી ચાલશે. ૬૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, સાધ્ય-સાધક દ્વાર, પદ-૫૦ )

* યે સબ દ્રવ્ય અપને અપને પ્રદેશોંકર સહિત હૈં. કિસિકે પ્રદેશ કિસિસે નહિ મિલતે. ઇન છહોં દ્રવ્યોંમેં જીવ હી ઉપાદેય હૈ. યદ્યપિ શુદ્ધ નિશ્ચયસે શક્તિકી અપેક્ષા સભી જીવ ઉપાદેય હૈ, તો ભી વ્યક્તિકી અપેક્ષા પંચપરમેષ્ઠી હી ઉપાદેય હૈ. ઉનમેં ભી અરહંત સિદ્ધ હી ( ઉપાદેય ) હૈ, ઉન દોનોંમેં ભી સિદ્ધ હી ( ઉપાદેય ) હૈ. ઔર નિશ્ચયનયકર મિથ્યાત્વ રાગાદિ વિભાવપરિણામકે અભાવમેં 'વિશુદ્ધાત્મા હી ઉપાદેય હૈ, ઐસા જાનના. ૬૯. ( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશક, અધિ.-૨, ગાથા-૨૨ )

* જે ચેતનતત્ત્વ કર્મકૃત વિકારના સંસર્ગ રહિત છે તે જ હું છું. તેને (ચૈતન્યસ્વરૂપ આત્માને) સંસાર અને જન્મ મરણાદિ કાંઈ પણ નથી. તો પછી ભલા મારે (આત્મને) ચિંતા ક્યાંથી હોઈ શકે? અર્થાત્ હોઈ શકે નહિ. ૭૦.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત્, શ્લોક-૩૬)

* શ્રી જિનેન્દ્રભગવાનકા કહા હુઆ 'માન' યહ હૈ જો માન-પરિણામ ચિંતવન કરે : આત્મા પરમાત્માકે બરાબર હૈ— ઐસા માનના હી 'માન' કહા જાતા હૈ. ૭૧.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૪૦)

* (જ્ઞાની શુદ્ધનયનું અવલંબન લઈ એમ અનુભવે છે કે–) હું મને અર્થાત મારા શુદ્ધાત્મસ્વરૂપને નથી દ્રવ્યથી ખંડતો, નથી ક્ષેત્રથી ખંડતો, નથી કાળથી ખંડતો, નથી ભાવથી ખંડતો. સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ છું. ૭૨. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, પરિશિષ્ટ)

* હે ભવ્ય જીવો! આત્માહીકે દ્વારા આત્માકા મનન કરો. જિસકા સ્વરૂપ શુદ્ધ હૈ, રાગાદિ મલરહિત નિર્મલ હૈ, ઉસે ઉત્કૃષ્ટ સ્વભાવકા ધારી પરમાત્મારૂપ હી માનો. પરમાત્માકે સ્વભાવકો નમન કરકે અર્થાત્ શ્રી સિદ્ધ ભગવાનકો અપને ભાવોમેં પ્રીતિપૂર્વક ધારણ કરકે દ્રવ્યદૃષ્ટિસે અપનેકો વૈસા હી જાનકે ઇસી દ્રવ્યસ્વભાવકા મનન કરો. ક્યોંકિ જિસ પર્યાયકો પ્રાપ્ત કરના હૈ, ઉસીકી ભાવના કરનેસે વહ પર્યાય પ્રગટ હો સકતી હૈ. ૭૩. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ. ૨. પાનું-૬૫)

* વિવક્ષિત–એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર—સ્વસંવેદન લક્ષણ ક્ષાયોપશમિક-જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે જે 'સકલનિરાવરણ–અખંડ–એક–પ્રત્યક્ષપ્રતિભાસમય–અવિનશ્વર–શુદ્ધપારિણામિક પરમભાવ લક્ષણ નિજપરમાત્મ દ્રવ્ય તે જ હું છું,' પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.' ૭૪.

(શ્રી જયસેન આચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૩૨૦)

* વીતરાગનિર્વિકલ્પસમાધિરૂપ ભાવલિંગ યદ્યપિ શુદ્ધાત્મ-સ્વરૂપકા સાધક હૈ ઇસલિયે ઉપચારનયકર જીવકા સ્વરૂપ કહા જાતા હૈ તો ભી પરમ સૂક્ષ્મ શુદ્ધનિશ્ચયનયકર ભાવલિંગ ભી જીવકા નહીં હૈ. ભાવલિંગ સાધનરૂપ હૈ, વહ ભી પરમ અવસ્થાકા સાધક નહીં હૈ. ૭૫.

( શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ; અધ્યાય-૧, ગાથા-૮૮ની ટીકા )

* જ્ઞાનકી પર્યાયમેં જ્ઞાનાવરણકે મંદ વ અધિક ક્ષયોપશમકી અપેક્ષા નિગોદસે લેકર બારહવેં ક્ષીણકષાય ગુણસ્થાન પર્યંત અનંતભેદ હૈ. જો પર્યાયસ્વરૂપ જ્ઞાનકી અનુમોદના કરતા હૈ, એકાકાર શુદ્ધજ્ઞાનકો નહીં જાનતા હૈ, વહ જ્ઞાનમેં અંતરાય ડાલ રહા હૈ, યદિ યહ અંતરાય ન દેખા જાવે ઔર શુદ્ધ જ્ઞાનકો પહિચાના જાવે તો વહ નિર્મલ સ્વાભાવિક આત્માકા અવશ્ય સિદ્ધિ પાનેકા ઉપાય હૈ. ૭૬.

( શ્રી તારણસ્વામી, ઉપદેશ-શુદ્ધસાર, શ્લોક-૩૯૦ )

* જેમ ( દીપક વડે ) પ્રકાશવામાં આવતાં ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે ઘટાદિપણાને નહિ, તેમ ( આત્મા વડે ) ચેતવામાં આવતાં રાગાદિક ( અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો ) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહિ. ૭૭.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, ગાથા-૨૯૪ )

* જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે, જો કે આ વાત સાચી છે તોપણ નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરને આશ્રિત કરે છે. ૭૮.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૬ )

* પરભાવ હોવા છતાં, સહજગુણમણિની ખાણરૂપ અને પૂર્ણજ્ઞાનવાળા શુદ્ધ આત્માને એકને જે તીક્ષ્ણબુદ્ધિવાળો શુદ્ધદૃષ્ટિ પુરુષ ભજે છે, તે પુરુષ પરમશ્રીરૂપી કામિનીનો ( મુક્તિસુંદરીનો ) વલ્લભ બને છે. ૭૯.

( શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૨૪ )

* જે જાણે છે તે જ દેખે છે અને તે નિરંતર ચૈતન્યસ્વરૂપને છોડતો નથી, તે જ હું છું, એનાથી ભિન્ન બીજું મારું કોઈ સ્વરૂપ નથી. આ સમીચીન ઉત્કૃષ્ટ તત્ત્વ છે. ચૈતન્યસ્વરૂપથી ભિન્ન ક્રોધાદિ વિભાવભાવ અથવા શરીર આદિ છે તે સર્વ અન્ય અર્થાત્ કર્મથી ઉત્પન્ન થયા છે. સેંકડો શાસ્ત્રો સાંભળીને અત્યારે મારા મનમાં આ જ એક શાસ્ત્ર ( અદ્વૈત તત્ત્વ ) વર્તમાન છે. ૮૦.

( શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થ વિંશતિ, શ્લોક-૫ )

* જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે ૮૧. ( શ્રી કુંદકુંદ આચાર્ય, નિયમસાર, ગાથા-૩૮ ).

* છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોમાં, નિજ શુદ્ધાત્મ દ્રવ્ય, નિજ શુદ્ધ જીવાસ્તિકાય, નિજ શુદ્ધાત્મતત્ત્વ અને નિજ શુદ્ધાત્મપદાર્થ જ ઉપાદેય છે, અને અન્ય સર્વ હેય છે. ૮૨.

( શ્રી નેમિચંદ્રસિદ્ધાંતદેવ, બૃહદ્ દ્રવ્યસંગ્રહ, ગાથા-૫૩ ની ટીકા )

* જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત ( -ઉદાર, ઉચ્ચ, ઉજ્જવળ ) છે એવા મોક્ષાર્થીઓ આ સિદ્ધાંતનું સેવન કરો કે—'હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું; અને આ જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી, કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.' ૮૩.

( શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, શ્લોક-૧૮૫ )

* જે જ્ઞાન આદિના પણ રૂપમાં ક્ષાયોપશમિક ભાવ છે તે પણ તત્ત્વદૃષ્ટિએ વિશુદ્ધ જીવનું સ્વરૂપ નથી. ૮૪.

( શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, જીવ અધિ. ગાથા-૫૮ )

* અહીં કોઈ પ્રશ્ન કરે છે કે વિભાવ પરિણામોને જીવસ્વરૂપથી 'ભિન્ન' 'ભિન્ન' કહ્યાં, ત્યાં 'ભિન્ન'નો ભાવાર્થ તો હું સમજ્યો નહિ. 'ભિન્ન' કહેતાં, 'ભિન્ન' છે તે વસ્તુરૂપ છે કે 'ભિન્ન' છે તે અવસ્તુરૂપ છે? ઉત્તર આમ છે કે અવસ્તુરૂપ છે. તે કારણે જ શુદ્ધસ્વરૂપનો અનુભવશીલ છે જે જીવ તેને વિભાવ પરિણામો દૃષ્ટિગોચર નથી થતાં, ઉત્કૃષ્ટ છે એવું શુદ્ધ ચૈતન્યદ્રવ્ય દૃષ્ટિગોચર થાય છે. ૮૫.

( શ્રી રાજમલ્લજી, કળશટીકા, શ્લોક-૩૭ )

* નિશ્ચયથી, વિદ્યમાન ગુણસ્થાન, માર્ગણાસ્થાન, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ ઇત્યાદિ જેટલા અશુદ્ધ પર્યાયો છે તે બધાય એકલા પુદ્‌ગલદ્રવ્યનું કાર્ય છે અર્થાત્ પુદ્‌ગલદ્રવ્યના ચિતરામણ જેવા છે એમ હે જીવો! નિઃસંદેહપણે જાણો. ૮૬. (શ્રી રાજમલ્લજી, કળશટીકા, શ્લોક-૩૯)

* ઉપયોગોથી કષાયો અને કષાયથી ઉપયોગ (ઉત્પન્ન) થતાં નથી અને મૂર્તિક-અમૂર્તિકનો પરસ્પર એકબીજાથી ઉત્પાદ સંભવ થતો નથી. ૮૭. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિ.-૩, ગાથા-૨૧)

* આ (ઔદયિકાદિ) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલાં સર્વ જીવો સિદ્ધસ્વભાવી છે. ૮૮.

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૯)

* જેમ સોનું કુધાતુના સંયોગથી અગ્નિના તાપમાં અનેકરૂપ થાય છે. પરંતુ તોપણ તેનું નામ એક સોનું જ રહે છે તથા શરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક પ્રમાણે કિંમત દે-લે છે, તેવી જ રીતે અરૂપી મહા દીપ્તિવાળો જીવ અનાદિકાળથી પુદ્‌ગલના સમાગમમાં નવ તત્ત્વરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી સર્વ અવસ્થાઓમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મરામ સિવાય બીજું કાંઈ નથી. ૮૯.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૯)

* આ વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત ભાવો કહેવામાં આવ્યા તે વ્યવહારનયથી તો જીવના છે (માટે સૂત્રમાં કહ્યાં છે) પરંતુ નિશ્ચયનયના મતમાં તેમનામાંના કોઈપણ જીવના નથી. ૯૦.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૫૬)

* 'શુદ્ધ જીવાસ્તિકાયથી અન્ય એવા જે બધા પુદ્‌ગલદ્રવ્યના ભાવો તે ખરેખર અમારા નથી'—આમ જે તત્ત્વવેદી સ્પષ્ટપણે કહે છે તે અતિ અપૂર્વ સિદ્ધિને પામે છે. ૯૧. (શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર-ટીકા, શ્લોક-૭૪)

* ચૈતન્યશક્તિથી વ્યાપ્ત જેનો સર્વસ્વ-સાર છે એવો આ જીવ એટલો જ માત્ર છે; આ ચિત્શક્તિથી શૂન્ય જે આ ભાવો (-ગુણસ્થાનાદિ) છે તે બધાય પુદ્‌ગલજન્ય છે—પુદ્‌ગલના જ છે. ૯૨.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર-ટીકા, કળશ-૩૬)

* આ જે વિવિક્ત—કર્મકલંક રહિત, નિર્ભય અને નિરામય (નિર્વિકાર) અંતરંગ (અધ્યાત્મ) જ્યોતિ છે તે પરમ તત્ત્વ છે, તેનાથી ભિન્ન બીજું બધું ઉપદ્રવ છે. ૯૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, ચૂલિકા અધિકાર, શ્લોક-૩૩)

* કર્મના ઉદયનો વિપાક (ફળ) જિનવરોએ અનેક પ્રકારનો વર્ણવ્યો છે તે મારા સ્વભાવો નથી; હું તો એક જ્ઞાયકભાવ છું. ૯૪.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૧૯૮)

* જેવી રીતે ઘાંસ, લાકડાં, વાંસ અથવા જંગલનાં અનેક ઈંધન આદિ અગ્નિમાં બળે છે, તેમના આકાર ઉપર ધ્યાન દેવાથી અગ્નિ અનેકરૂપ દેખાય છે, પરંતુ જો માત્ર દાહકસ્વભાવ ઉપર દૃષ્ટિ મૂકવામાં આવે તો સર્વ અગ્નિ એકરૂપ જ છે; તેવી જ રીતે જીવ (વ્યવહારનયથી) નવતત્ત્વોમાં શુદ્ધ, અશુદ્ધ, મિશ્ર આદિ અનેકરૂપ થઈ રહ્યો છે; પરંતુ જ્યારે તેની ચૈતન્યશક્તિ પર વિચાર કરવામાં આવે છે ત્યારે તે (શુદ્ધનયથી) અરૂપી અને અભેદરૂપ ગ્રહણ થાય છે. ૯૫.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૮)

* 'હું એકલો છું.' આ પ્રકારની બુદ્ધિથી અદ્વૈત તથા "હું કર્મ-સંયુક્ત છું" આ પ્રકારની બુદ્ધિથી દ્વૈત થાય છે. આ બંનેમાંથી પ્રથમ વિકલ્પ (અદ્વૈત) અવિનશ્વર મુક્તિનું કારણ અને દ્વિતીય વિકલ્પ (દ્વૈત) કેવળ સંસારનું કારણ છે. ૯૬.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, નિશ્ચય પંચાશત, શ્લોક-૪૫)

* જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી કે ઉપશમસ્વભાવનાં સ્થાનો નથી. ૯૭

(શ્રી કુંદકુંદાચાર્યદેવ, નિયમસાર, ગાથા-૪૧)

* નવતત્ત્વોમાં જે આ સ્વસંવેદન પ્રત્યક્ષનો વિષય ચૈતન્યાત્મક અને જીવસંજ્ઞાવાળો છે તે હું ઉપાદેય છું તથા આ મારાથી ભિન્ન પૌદ્ગલિક રાગાદિભાવ બધાય ત્યાજ્ય છે. ૯૮.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૪૫૭)

* શરીર અને આત્મા બંનેને એક માનનાર મોહી જીવો દ્વારા આ ગુણસ્થાનોને જીવ કહેવામાં આવે છે. પરંતુ ભેદવિજ્ઞાનમાં નિપુણ વિવેકીજનો દ્વારા નહિ—વિવેકી જીવ તેમને પુદ્ગલરૂપ અજીવ બતાવે છે. ૯૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, અધિકાર ૨, શ્લોક–૩૮)

* જે વર્ણાદિક અથવા રાગમોહાદિક ભાવો કહ્યાં તે બધાંય આ પુરુષથી (આત્માથી) ભિન્ન છે તેથી અંતર્દષ્ટિ વડે જોનારને એ બધાં દેખાતા નથી, માત્ર એક સર્વોપરિ તત્ત્વ જ દેખાય છે — કેવળ એક ચૈતન્યભાવસ્વરૂપ અભેદરૂપ આત્મા જ દેખાય છે. ૧૦૦.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ–૩૭)

* * * *

* જ્ઞાનીને જે શુભભાવ આવે છે તે અશુભથી બચવા માટે આવે છે એમ જે કહેવામાં આવે છે તે તો લોકોને જરા સંતોષ થાય તે માટે કહેવામાં આવે છે. ખરેખર તો શુભરાગ તેના આવવાના કાળે જ આવે છે.

શ્રોતા :– તો પછી પ્રાયશ્ચિત્ત કેમ કરવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવ :– તે બધી કહેવાની વાતો છે, કથનની પદ્ધતિ છે. ખરેખર તો એવો વિકલ્પ આવવાનો કાળ હતો એ જ આવ્યો છે અને વાણી પણ એવી જ નીકળવાની હતી એ જ નીકળી છે. બહુ સૂક્ષ્મમાં જઈએ તો ખરેખર તો શુભ વિકલ્પ અને પ્રાયશ્ચિત્તની વાણી નીકળવી અને ગુરુવાણી નીકળવી તે બધું પુદ્ગલનું સ્વાભાવિક કાર્ય છે, આત્માનું કાર્ય નથી. આત્મા તો એકલો જ્ઞાનસ્વભાવી છે.

—પરમ પૂજ્ય ગુરુદેવશ્રી

* આત્માએ તો ત્રિકાળ એક જ્ઞાયકપણાનો જ વેષ પરમાર્થે ધારણ કરેલો છે. જ્ઞાયકતત્ત્વને પરમાર્થે કોઈ પર્યાયવેષ નથી, કોઈ પર્યાય–અપેક્ષા નથી. આત્મા 'મુનિ છે' કે 'કેવળજ્ઞાની છે' કે 'સિદ્ધ છે' એવી એક પણ પર્યાય–અપેક્ષા ખરેખર જ્ઞાયક પદાર્થને નથી. જ્ઞાયક તો જ્ઞાયક જ છે.

— પૂજ્ય બહેનશ્રી, 'બહેનનાં વચનામૃત'

* કોઈ એકાંત વેદાંતમેં ખેંચ જાવે નહિ ઇસલિયે દોનોં બાત બતાઈ હૈ. પર્યાય દૂસરેમેં નહિ હોતી, કાર્ય તો પર્યાય મેં હી હોતા હૈ—ઐસા કહે તો વહાં ચોંટ જાતે હૈં —ઐસા તો હૈ ન! ઐસા તો હોના ચાહીએ ન! અરે ભાઈ! કયા હોંના ચાહિએ? છોડ દે સબ બાતેં જાનનેકી! મૈં તો ત્રિકાલી હી હૂં! ઉત્પાદ–વ્યય કુછ મેરે મેં હૈ હી નહિ.

—પૂજ્ય સોગાનીજી, 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'

[ ઉત્પાદ-વ્યય રહિત...ટાઇટલ ૨ થી ચાલુ ]

દ્રવ્યમાંથી પોતાની પર્યાય થતી નથી તેમ પર્યાયમાંથી પણ નવી પર્યાય ઉપજતી નથી માટે તે પરદ્રવ્ય છે. ભલે ક્ષાયિક સમકિતની પર્યાય હો પણ તેના આશ્રયે પણ નવી સમ્યક્ત્વની પર્યાય ઉત્પન્ન થતી નથી.

ભગવાન આત્મા એકસ્વરૂપે ત્રિકાળ બિરાજમાન છે, તે એક જ ઉપાદેય છે. તેનો આશ્રય કરવાથી જ સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, શુક્લધ્યાન અને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. પર્યાયનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન, ચારિત્ર, શુક્લધ્યાન કે કેવળજ્ઞાન કાંઈ પ્રગટ થતું નથી. પર્યાયના આશ્રયથી તો વિકલ્પ ઉત્પન્ન થાય છે. માટે પર્યાય ભલે ઉપશમભાવની હો, ક્ષયોપશમની હો કે ક્ષાયિકભાવની હો પણ તે દરેક પર્યાય પરદ્રવ્ય છે. પરસ્વભાવ છે અને હેય છે.

પરદ્રવ્ય તો પરદ્રવ્ય છે જ, દેવ, શાસ્ત્ર, ગુરુ, સમવસરણ, દિવ્યધ્વનિ, સમ્મેદ-શિખર આદિ શુભનિમિત્તો પણ પરદ્રવ્ય છે તેના આશ્રયે સમ્યગ્દર્શન ત્રણ કાળમાં કદી થતું નથી. એ તો ઠીક, પણ પોતાના દ્રવ્યના આશ્રયે પ્રગટ થયેલી શુદ્ધ સમ્યગ્દર્શન આદિ પર્યાયના આશ્રયે પણ નવી શુદ્ધપર્યાય પ્રગટ થતી નથી. માટે આશ્રય કરવા માટે તે શુદ્ધપર્યાય પણ હેય છે. સમ્યગ્દર્શન, ચારિત્ર, કેવળજ્ઞાન આદિ બધી શુદ્ધપર્યાય હેય છે. નવતત્ત્વ હેય કહ્યાં તેમાં મોક્ષપર્યાય પણ હેય થઈ ગઈ ને! આ નિયમસારની ૩૮ અને ૫૦ મી ગાથા સૂક્ષ્મતાથી સમજે તેને જ સમજાય તેવી છે. શુદ્ધભાવ અધિકાર એટલે શુદ્ધપર્યાયની વાત નથી પણ શુદ્ધદ્રવ્યનો એ અધિકાર છે. તેની એ બંને ગાથા છે. એક પોતાનો ત્રિકાળી શુદ્ધભાવ જ સ્વદ્રવ્ય છે, તે જ આદરણીય-ઉપાદેય છે.

અરે, પણ જીવોને શાસ્ત્ર શું કહે છે તે સમજવું નથી અને પોતાનો ધોખો મૂકવો નથી—પક્કડ મૂકવી નથી. પણ ભાઈ! સાંભળ તો ખરો. પોતાના ભગવાન આત્મામાં દૃષ્ટિ કરવાથી જ સમ્યગ્દર્શન થશે અને તેમાં લીનતા કરવાથી સમ્યક્ચારિત્ર પ્રગટ થશે પણ તે ચારિત્રના આશ્રયે શુક્લધ્યાન નહિ થાય. કેમ કે તે પર્યાય છે, તેને તો અહીં પરદ્રવ્ય, પરભાવ અને હેય કહી દીધી છે. સ્વદ્રવ્ય તો એક શુદ્ધ આત્મા જ છે.

એક સમયમાં પૂર્ણ શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ પ્રભુનો આશ્રય કરવાથી અનુભવ થાય છે, તેનો આશ્રય કરવાથી શુક્લધ્યાન થાય છે અને તેનો આશ્રય કરવાથી જ કેવળજ્ઞાન થાય છે. પર્યાયના આશ્રયથી નવી શુદ્ધ પર્યાય થતી નથી.

ઉત્પાદ-વ્યય છે તે વ્યવહાર આત્મા છે. રાગ તો આસ્રવ છે પણ ક્ષાયિક ચારિત્રની પર્યાય એ પણ અંશ છે માટે વ્યવહાર આત્મા છે. તે નિશ્ચય આત્મા નથી. સ્વભાવના

આશ્રયે પ્રગટ થયેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પર્યાયને પણ આચાર્યદેવ વ્યવહાર આત્મા કહે છે. વ્યવહાર આત્મા એટલે તેને પરદ્રવ્ય કહી છે, પરભાવ કહી છે અને હેય કહી છે.

ઓહોહો...! કુંદકુંદ આચાર્યની પણ કાંઈ કથન પદ્ધતિ છે! ગજબ શૈલી છે!

અહીં જરા બીજી રીતે વાત કરી છે. એક સમયમાં પૂર્ણ ત્રિકાળ શુદ્ધ આત્મા તે નિશ્ચય આત્મા છે અને તેના આશ્રયે જે નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટ થાય છે તે અંશ છે માટે વ્યવહાર આત્મા છે અને સાથે જે રાગની પર્યાય છે તે તો વ્યવહાર આત્મા પણ નથી. તે તો અનાત્મા છે.

કેવળજ્ઞાન પણ એક સમયની પર્યાય છે, ગુણ નથી. ગુણ હોય તે ત્રિકાળ સદૃશ્ય રહે છે અને કેવળજ્ઞાન પર્યાય છે માટે એક સમય જ રહે છે. બીજા સમયે એવી ને એવી પર્યાય થાય છે પણ એની એ રહેતી નથી. સમયે સમયે એક સરખી નવી નવી પર્યાય થતી રહે છે. તે કેવળજ્ઞાન પણ સદ્ભૂત વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ તેને અસત્યાર્થ કહેવાય છે અને પર્યાય અપેક્ષાએ તેને જ વ્યવહાર આત્મા કહેવાય છે. ત્રિકાળી દ્રવ્ય તે નિશ્ચય આત્મા અને એક સમયની શુદ્ધ પર્યાય તે અંશ છે માટે વ્યવહાર આત્મા છે અને વ્યવહારને નિશ્ચયથી પરદ્રવ્ય કહી દીધો છે. ત્રિકાળ એકરૂપ ધ્રુવ, ઉત્પાદ-વ્યય રહિત શુદ્ધ આત્માને અહીં નિશ્ચય આત્મા કહ્યો છે.

પરમાત્મપ્રકાશની ૪૩ મી ગાથામાં પણ લીધું છે કે ઉત્પાદ-વ્યય વિનાનો જે ધ્રુવ છે તે વાસ્તવિક આત્મા છે. અનાદિ-અનંત અમૂર્ત અતીન્દ્રિય સ્વભાવભાળો-સહજ પરમ પારિણામિકભાવ જેનો સ્વભાવ છે તે કારણપરમાત્મા જ બરોબર આત્મા છે. ત્રિકાળ ધ્રુવને વાસ્તવિક આત્મા કહ્યો છે. ઉત્પાદ-વ્યય તે વાસ્તવિક આત્મા નથી, વ્યવહાર આત્મા છે. બહુ ઝીણી વાત છે. ફરીને લઈએ. અહીં તો એકેય વાત આમનેમ જવા દેવાતી નથી, બરાબર સમજવાની છે.

એક સમયના ધ્રુવ આત્માને અહીં વાસ્તવિક આત્મા કહ્યો તો એક સમયનો પર્યાય અવાસ્તવિક આત્મા ઠર્યો માટે તેને વ્યવહાર આત્મા કહ્યો છે. જુઓ તો ખરા! પરની ક્રિયા તો ક્યાંય દૂર રહી ગઈ. તે તો વ્યવહાર આત્મા નહિ પણ રાગાદિની પર્યાય તે પણ વ્યવહાર આત્મા નહિ. શુદ્ધપર્યાયને વ્યવહાર આત્મા કહ્યો છે.

કારણશુદ્ધ આત્મા તે વાસ્તવિક આત્મા છે અને તેના આશ્રયે થયેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય કે જે વીતરાગી પર્યાય છે તેને પણ ભગવાન વાસ્તવિક આત્મા નથી કહેતાં પણ વ્યવહાર આત્મા કહે છે.

પરમાત્મપ્રકાશની આ ૬૩ મી ગાથામાં આગળ કહે છે કે જોકે પર્યાયાર્થિકનયથી આત્મા ઉત્પાદ્-વ્યયથી સહિત છે તોપણ દ્રવ્યાર્થિકનયથી ઉત્પાદ્-વ્યયરહિત સદા ધ્રુવ અને અવિનાશી એવા નિજ પરમાત્માને તીર્થંકરદેવોએ દેહમાં રહેલો જોયો છે. અનંત ગુણનો પૂંજ ધ્રુવ આત્મા તેને ભગવાને દેહમાં પણ દેહના સ્પર્શથી રહિત જોયો છે. ઓહો ! આત્મા દેહના સ્પર્શથી તો રહિત છે પણ ઉત્પાદ-વ્યયથી પણ રહિત છે.

પ્રવચનસારની ૧૭૨ ગાથાના અલિંગગ્રહણના ૨૦ બોલમાં ૧૮ નંબરના બોલમાં આવે છે કે પર્યાયને દ્રવ્ય આલિંગન કરતું નથી. જ્ઞાન, દર્શન, આનંદ, અકાર્યકારણ આદિ અનંત ગુણનો પૂંજ શુદ્ધચૈતન્યધાતુ ભગવાન આત્મા તેને તીર્થંકરદેવે દેહમાં પણ દેહના સ્પર્શથી રહિત જોયો છે તેમ જ ઉત્પાદ-વ્યયથી પણ રહિત જોયો છે. ભગવાન આત્મા સદા અવિનાશી છે. તેના આશ્રયથી જ સમ્યગ્દર્શનરૂપ પ્રથમ ધર્મની શરૂઆત થાય છે. તેના આશ્રય વિના માથા ફોડીને મરી જાય એટલે કે ઉપવાસ કરી કરીને મરી જાય તોપણ ધર્મ થાય તેમ નથી. એક ધ્રુવ શુદ્ધ ચૈતન્યના આશ્રય વિના ધર્મ બીજા કોઈ ઉપાયથી થાય તેમ નથી.

અરે, સર્વજ્ઞે શું જોયું અને શું કહ્યું તેની ખબર નહિ અને ક્રિયા કરવાથી ધર્મ થશે એમ માનીને અનંતવાર દિગંબર દ્રવ્યલિંગી સાધુ થઈ-નિવૃત્તિ લીધી–' મુનિવ્રત ધાર અનંતબાર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયો. ' અનંતગુણ-મૂર્તિ નિજ આત્માના દર્શન સિવાયના લાખ ઉપાય કરો પણ ત્રણકાળમાં સમ્યગ્દર્શન કદી થાય તેમ નથી.

પ્રભુ ! દ્રવ્યમાં તો એક સમયમાં અનંતા સિદ્ધ પરમાત્મા પડયાં છે. સિદ્ધ એ એક સમયની પર્યાય છે. એવી અનંતી સિદ્ધ પર્યાય દ્રવ્યમાં પડી છે. એવો આ ભગવાન આત્મા છે, તેના આશ્રયથી સમ્યગ્દર્શન થાય છે. બાકી લાખ ક્રિયાકાંડ કરીને મરી જાય તોપણ ધર્મ થાય તેમ નથી. ધર્મ તો ન થાય પણ ઉલટું મિથ્યાત્વ પુષ્ટ થાય છે અને મિથ્યાત્વ જેવું તો બીજું કોઈ મોટું પાપ નથી.

રાગથી ધર્મ થાય, પરની દયાથી ધર્મ થાય એવું માનનારા તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. હું પરની દયા પાળી શકું છું એવા મિથ્યા અભિપ્રાયવાળા પાપી છે. મિથ્યાત્વ જેવું કોઈ મોટું પાપ નથી. સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે. કઠણ વાત છે અહીં તો ભાઈ!

અહીં તો એ કહ્યું કે કારણપરમાત્મા એક સમયમાં અનંતગુણનો પિંડ એકરૂપ આત્મા જ ખરેખર વાસ્તવિક આત્મા છે. ઉત્પાદ-વ્યય છે તે વાસ્તવિક આત્મા નથી.

ઘણાં વર્ષો પહેલાં એક પ્રશ્ન થયો હતો કે, ' જીવિત શરીરથી ધર્મ થાય કે નહિ ?

ભાઈ, સાંભળ! આત્મામાં 'સ્વધર્મવ્યાપક' નામનો ગુણ છે તે પોતાના અનંત ગુણોમાં વ્યાપેલો છે. આત્મા શરીરમાં વ્યાપતો જ નથી, રાગમાં પણ આત્મા વ્યાપતો નથી. (તો શરીરથી ધર્મ થવાની વાત ક્યાં રહી?)

આજ તો આકિંચનધર્મ છે ને! શરીર તો મારું નહિ, વાણી મારી નહિ. ખાવું-પીવું આદિ ક્રિયા મારી નહિ અને રાગ પણ મારો નહિ. અરે, ઉત્પાદ-વ્યય પણ મારો ત્રિકાળી આત્મા નથી, એક સમયનો વ્યવહાર છે. તેથી અગિયારમી ગાથામાં વ્યવહારને અભૂતાર્થ કહી દીધો છે. એ આ અપેક્ષાએ કહ્યું છે. ત્રિકાળી દ્રવ્યમાં પર્યાય નથી. પર્યાય દૃષ્ટિએ તો પર્યાય છે એની ના નથી.

અરે, એને સત્યની ખબર ન મળે અને ધર્મ થઈ જશે એમ માનીને ચોરાશીના અવતારમાં અનંતકાળથી રઝળ્યો. પોતે નિગોદના રસ્તે જઈ રહ્યો હોય અને માને કે અમે કાંઈક ધર્મના રસ્તે છીએ.

અહીં તો કહે છે કે એકવાર સાંભળ ભાઈ! એક સમયમાં ધ્રુવ બિરાજમાન ભગવાન આત્માને જ અમે વાસ્તવિક આત્મા કહીએ છીએ. કેમ? કે તેના આશ્રયથી જ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. તે સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગની પર્યાયના આશ્રયથી નવી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થતી નથી માટે તો અમે તેને વાસ્તવિક આત્મા નથી કહેતા, નિશ્ચય મોક્ષમાર્ગ પણ વ્યવહાર આત્મા છે. નિશ્ચયથી તે પરદ્રવ્ય છે એમ કહીએ છીએ.

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવનિક્ષેપ ભગવાનના હો કે પોતાના હો પણ તે પર્યાય છે માટે તેના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી. તો ભગવાનના દર્શનથી સમ્યગ્દર્શન ક્યાંથી થાય? ભગવાનના દર્શનના શુભભાવ હોય ખરાં-એવો વ્યવહાર હોય ખરો પણ તેના આશ્રયથી સમ્યગ્દર્શન ન થાય.

ગજબ વાત છે પ્રભુ! તારી લીલાની તને ખબર નથી અને બેખબરો મૂઢ માને છે કે મને ધર્મ થઈ જશે, મારું કલ્યાણ થઈ જશે.

સાક્ષાત્ પરમેશ્વર સમવસરણમાં બિરાજમાન હો પણ તેના આશ્રયથી સમ્યગ્દર્શન ન થાય, દિવ્યધ્વનિથી સમ્યગ્દર્શન ન થાય, મંદરાગથી સમ્યગ્દર્શન ન થાય, જે ક્ષયોપશમ-જ્ઞાનમાં ભગવાનની વાણી ઝીલાય છે, એ જ્ઞાનના આશ્રયથી પણ સમ્યગ્દર્શન ન થાય. એક માત્ર નિજ શુદ્ધાત્માના આશ્રયથી જ સમ્યગ્દર્શન થાય છે. અને ત્યારે આ બધાં ઉપર કહ્યાં તે નિમિત્તોથી સમ્યગ્દર્શન થયું એમ કહેવાય છે પણ ખરેખર તેનાથી સમ્યગ્દર્શન થતું નથી. નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે એમ કહેવાય છે.

ભાઈ! તેં તારો આત્મા સર્વજ્ઞે દીઠો છે એવો કદી માન્યો નથી. માન તો તો સમ્યગ્દર્શન થઈ જાય અને જન્મ-મરણનો અંત આવી જાય. ભલે ૯૬૦૦૦ સ્ત્રીના વૃંદમાં પડયો હોય - તેની વાસના હોય એ તો રાગનો દોષ છે પણ અંતરમાં રાગથી ભિન્ન અખંડાનંદ પ્રભુનો આશ્રય કર્યો છે તો તેને બંધ છે જ નહિ. મિથ્યાત્વથી જે બંધ પડે છે તેને જ અહીં તો બંધ કહેવાય છે.

ભગવાન આત્મા રાગથી ભિન્ન છે એ જાણતો નથી અને કાંઈક રાગની મંદતા તો કરવી પડે ને! મંદતા તો કરવી પડે ને! અરે, મૂઢ છો. ચૈતન્યનું ખૂન કરવાવાળો મિથ્યાદૃષ્ટિ છો. તું બીજાની હિંસા તો કર કે ન કર પણ ચૈતન્યનું ખૂન કરી રહ્યો છો. કર્તાબુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ પોતાની જ હિંસા કરે છે.

સમ્યગ્દર્શન આદિની શુદ્ધપર્યાય પણ વ્યવહારનયનો વિષય છે તો દયા-દાન આદિના વિકલ્પ તો કયાંય રહી ગયા. એ તો રાગ-આસ્રવ તત્ત્વ છે.

મુમુક્ષુ :- બહુ સત્ય વાત કરી દીધી.

પૂજ્ય ગુરુદેવ :- આ જ સત્ય છે. ત્રણકાળ ત્રણલોકમાં બીજું કાંઈ સત્ય નથી. ભગવાન આત્માની અંદર ડોકિયું મારવું જ પડશે. વારંવાર અંતર પ્રયત્ન કરવાથી જ સમ્યગ્દર્શન થશે. તે સિવાય લાખ ઉપાય કરીને મરી જાય તોપણ સમ્યગ્દર્શન થાય તેમ નથી. અનંતગુણનો પિંડ પ્રભુ નિજ વાસ્તવિક આત્મા છે તેના આશ્રયથી જ સમ્યગ્દર્શન થશે. સામે સાક્ષાત્ ભાવનિક્ષેપે વર્તમાન તીર્થંકર પ્રભુ બિરાજતાં હોય તેના આશ્રયે પણ અનુભવ ન થાય તો દયા-દાનના શુભપરિણામથી કે જડની ક્રિયાથી અનુભવ કયાંથી થાય?

એક સમયની પર્યાયમાં બીજી પર્યાય રહેતી નથી. અનંતી શુદ્ધ પર્યાય દ્રવ્યમાં રહે છે તેથી દ્રવ્યસ્વભાવની રુચિ, દૃષ્ટિ અને અનુભવ કરવાથી સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થાય છે.

આ રીતે આ પ્રમાણ, નય અને નિક્ષેપમાં ભૂતાર્થરૂપે એક જીવ જ પ્રકાશમાન છે. નવ તત્ત્વમાં, પ્રમાણમાં, નયમાં અને ચાર નિક્ષેપમાં એક જીવ-સત્ ચિદાનંદ ધ્રુવ પ્રભુ જ બિરાજમાન છે તેને સત્ય આત્મા કહેવાય છે.

પ્રમાણ, નય આદિનું વિશેષ વર્ણન શાસ્ત્રમાંથી જાણી લેવું કેમ કે પ્રમાણ, નય, નિક્ષેપ આદિને જાણવાથી દ્રવ્ય-પર્યાયમય વસ્તુની સિદ્ધિ થાય છે. દ્રવ્ય શું છે, પર્યાય શું છે તેનો બોધ થવો સાધક અવસ્થામાં જરૂરી છે. પ્રથમ ભૂમિકામાં પ્રમાણ, નય આદિનું જ્ઞાન હોવું જરૂરી છે કેમ કે તેના જ્ઞાન વગર પોતાની કલ્પનાથી વસ્તુને સાધવા જાય તો વિપરીતતા થઈ જાય માટે પ્રથમ ભગવાને કહ્યા અનુસાર પ્રમાણ, નય, નિક્ષેપથી વસ્તુની સિદ્ધિ કરવી જોઈએ. —૦—

## પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે 'અધ્યાત્મજ્ઞાન-મહાયોગ'નું સફળ આયોજન

'પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી' સમારોહ અંતર્ગત શ્રી ઘાટકોપર (મુંબઈ) દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત તા. ૨૦-૫-૮૯ થી તા. ૨૮-૫-૮૯ સુધી નવ દિવસનો 'અધ્યાત્મજ્ઞાન-મહાયોગ' અત્યંત સફળ રહ્યો. શ્રી જિનસહસ્રનામ-મંડળ વિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મ-રસપૂર્ણ ટેપપ્રવચન, શ્રી શશીકાંતભાઈ શેઠ આદિ સમાગત વિદ્વાનોના દેવગુરુભક્તિ-ભાવ ભર્યા તાત્વિક શાસ્ત્રપ્રવચન, અધ્યાત્મતત્ત્વપ્રધાન ધાર્મિક શિક્ષણવર્ગ, જિનેન્દ્ર-ભક્તિ, ગુરુભક્તિ, જિનેન્દ્રરથમહોત્સવ તેમ જ 'કહાનગુરુ-શોભાયાત્રા' ઈત્યાદિ વિધવિધ કાર્યક્રમ દ્વારા આ ભવ્ય આયોજન પ્રતિષ્ઠા જેવો મંગલમય અનુભવાતો હતો. જિનેન્દ્રરથોત્સવની તેમ જ 'કહાનગુરુ-શોભાયાત્રા'ની ભવ્યતા તથા મુમુક્ષુઓના ભક્તિ-ઉલ્લાસ જોતાં બધાને એમ લાગતું હતું કે આપણા તારણહાર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન પ્રતાપે પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિભીના મંગલ આશિષથી આ બધું થઈ રહ્યું છે. 'કહાનગુરુ-શોભાયાત્રા' ઘાટકોપર નેમિનાથસ્વામી દિ. જિનમંદિરથી શરૂ થઈને શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર (ઝવેરી બજાર મુંબઈ), શ્રી મહાવીર સ્વામી દિ. જિનમંદિર (દાદર) થઈને શ્રી ઋષભદેવભગવાન દિ. જિનમંદિર (મલાડ) પહોંચી હતી. આ શોભાયાત્રામાં એક સુશોભિત વાહનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ તથા એક વાહનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ભવ્ય ચિત્રપટ રાખવામાં આવ્યા હતા. સાથે જુદા જુદા આકર્ષક 'બેનર'થી વિભૂષિત ૪૦ મોટર-ગાડીઓ પણ હતી. દૃશ્ય અત્યંત આકર્ષક તેમજ ભવ્ય હતું. 'કહાનગુરુ-શોભાયાત્રા'નો આખોય માર્ગ 'કહાનગુરુ-જન્મશતાબ્દી'ના મંગલ વાતાવરણથી છવાઈ ગયો હતો.

—卐—

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી (તા. ૧૮-૬-૮૯)

* **નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ** તા. ૧૧-૭-૮૯ થી ૧૮-૭-૮૯ શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં 'પંચમેરુ-નંદીશ્વર વિધાન પૂજા' તેમ જ ભક્તિ આદિ પૂર્વક ઉજવવામાં આવશે.

* **વીરશાસન જયંતી** :—તા. ૧૯-૭-૮૯ બુધવારના રોજ વીરશાસનજયંતી પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

* ગુરુ-કહાન-જન્મ-શતાબ્દી પ્રસંગે કાયમી મંડળ વિધાન પૂજા—

૧. પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેન તથા કેટલાક બ્રહ્મચારી બહેનો, સોનગઢ.
૨. શ્રી જડાવબેન નાનાલાલભાઈ જસાણી તથા પરિવાર, મુંબઈ.
૩. શ્રી પરસોતમદાસ ઓઘડદાસ કામદાર તથા ઝવેરીબેન પરસોતમદાસ કામદાર, મુંબઈ.
૪. સ્વ. શ્રી વૃજલાલ જેઠાલાલ શાહ, સોનગઢ. (હ. જિતુભાઈ.)
૫. શ્રી કનુભાઈ મણીલાલ પુનાતર તથા શ્રીમતી ચંદનબેન કનુભાઈ પુનાતર, જામનગર.
૬. બ્ર. શારદાબેન જયસુખલાલ સંઘાણી, રાજકોટ.
૭. શ્રી જયંતીલાલ બેચરદાસ મોદી, મુંબઈ.

—તરફથી રાખવામાં આવી હતી.

* પ્રાસંગિક મંડળ વિધાન પૂજા—

૧. બ્ર. કોકીલાબેન તથા રૂપાબેન, સોનગઢ.
૨. શ્રી ચંપાબેન ઉમરાવપ્રસાદ જૈન, ખંડવા.
૩. શ્રી ચંપાબેન પોપટલાલ ગોસલીયા પરીવાર, હ. તારાબેન નંદરબારવાળા
૪. શ્રી શાન્તાબેન પ્રભુદાસ ધીયા, રાજકોટ
૫. શ્રી ત્રિવેણીબેન નરોત્તમદાસ, બોટાદ
૬. ,, જયંતીલાલ નાગરદાસ ગાંધી, અમદાવાદ
૭. ,, કંચનબેન હીંમતલાલ શેઠ, લીમડીવાળા
૮. ,, બાબુલાલ ગીરધરલાલ મહેતા, હ. પ્રતાપભાઈ
૯. ,, નવનીતરાય ભૂપતરાય દોશી પરીવાર, મુંબઈ
૧૦. ,, ધારશીભાઈ જટાશંકર મહેતા, સોનગઢ
૧૧. ,, કાન્તાબેન હીંમતલાલ ડેલીવાળા, સોનગઢ.
૧૨. ,, ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી, મુંબઈ
૧૩. ,, તખતરાજજી વનાજી જૈન, કલકત્તા.
૧૪. ,, ભભૂતમલજી ભંડારી, બેંગલોર
૧૫. ,, દોલતરાય માણેકલાલ મહેતા, હ. પુષ્પાબેન જામનગર.
૧૬. ,, ઝવેરીબેન ત્રંબકલાલ ઘડીયાળી, સુરેન્દ્રનગર.
૧૭. ,, મનુભાઈ ત્રિભોવનદાસ ઝવેરી, મુંબઈ.
૧૮. ,, રાયસાહેબ પ્રેમચંદ જૈન, હ. ચંદ્રાબેન ખંડવા
૧૯. બ્ર. ચંદુભાઈ તથા તારાબેન ઝોબાલીયા, સોનગઢ.
૨૦. શ્રી જગદીશભાઈ તથા બ્ર. ઈન્દુબેન લોદરીયા, સોનગઢ.
૨૧. શ્રી મંછાબેન જયંતીલાલ ભાયાણી, સોનગઢ.
૨૨. શ્રી લલીતાબેન દલીચંદભાઈ ખારા, સોનગઢ.

૨૩. ડૉ. પ્રવીણભાઈ દોશી, રાજકોટ.
૨૪. શ્રી વીરચંદભાઈ જેઠાભાઈ માલદે, સોનગઢ.
૨૫. ,, સંઘવી પરીવાર મુંબઈ.
૨૬. ,, પ્રેમચંદભાઈ પાનાચંદભાઈ ભાયાણી.
૨૭. ,, શાન્તીભાઈ તથા કાન્તિભાઈ જેડીયાવાળા, સોનગઢ.
૨૮. ,, સ્વ. પૂજ્ય બેન શાન્તાબેન ખારા, સોનગઢ.
૨૯. ,, કુસુમબેન નવલચંદ બાવીશી, જામનગર.
૩૦, ,, ચંદ્રાબેન મનુભાઈ કામદાર, પાલીતાણા.
૩૧. ,, લીલાબેન મનસુખલાલ બોરડીયા, મુંબઈ
૩૨. ,, મનસુખલાલ હરીલાલ દોશી, મુંબઈ, હ. પુષ્પાબેન.
૩૩. ,, કુ. અક્ષીતા નિખીલભાઈ ગાંધી, હ. નિર્મળાબેન પ્રતાપરાય ગાંધી
૩૪. ,, આનંદકુમાર ફુલચંદજી જૈન, હૈદરાબાદ.
૩૫. ,, કાળીદાસ હુકમચંદ કામદાર, હ. ભૂપેન્દ્રભાઈ તથા મહેશભાઈ પરીવાર

— તરફથી રાખવામાં આવી હતી.

પૂજ્ય બહેનશ્રીને હીરાથી વધાવવાની ખુશાલીના ઉપલક્ષમાં

રૂા. ૩૦૦૪/– શ્રી દયાબેન હીંમતલાલ શેઠ, બેંગલોર.
રૂા. ૫૦૦૬/– શ્રી રમેશભાઈ મનહરલાલ શેઠ, બેંગલોર.

— તરફથી સંસ્થામા વિભિન્ન ખાતે જાહેર કરવામાં આવ્યા હતા.

* પૂજ્ય ગુરુદેવશ્રીનાં ટેપ પ્રવચનોની કેસેટમાં રૂા. ૫ નું ડીસ્કાઉન્ટ શ્રી વ્રજલાલ મગનલાલ શાહ હ. લલીતાબેન જલગાંવ તરફથી તેમજ રૂા. ૫/નું ડીસ્કાઉન્ટ ઉમરાળાવાળા સ્વ. શ્રી મનસુખલાલ મોનજીભાઈ જૈન (મલાડ) તરફથી રાખવામાં આવેલું હતું.

* ગુજરાતી તેમજ હિન્દી આત્મધર્મનાં વાર્ષિક ગ્રાહકો માટે રૂા. ૪/–નું કમીશન શ્રી ત્રિવેણીબેન કેશવલાલ કોઠારી તરફથી રાખવામાં આવેલ હતું, જેનો ૩૦૫ ગ્રાહકોએ લાભ લીધો હતો.

* ગુજરાતી તેમજ હિન્દી આત્મધર્મનાં આજીવન સભ્ય ફીમાં ૨૫% ડીસ્કાઉન્ટ શ્રી ભાવેશ પ્રતાપરાય ગાંધી હ. નિર્મળાબેન તથા ૨૫% ડીસ્કાઉન્ટ શ્રી સંઘવી ભાઈ઼ઓ મુંબઈ તરફથી રાખવામાં આવતાં આજીવન સભ્ય ફી રૂા. ૫૦% રાખવામાં આવેલ જેનો ૨૮૪ ગ્રાહકોએ લાભ લીધો હતો.

* પરમ પૂજ્ય "ગુરુદેવશ્રીનાં વચનામૃત" માં ૫૦% ડીસ્કાઉન્ટ શ્રી શાન્તાબેન હીરાભાઈ શાહ દહેગામવાળા તરફથી રાખવામાં આવેલ હતું.

* પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે પુસ્તકો માં ૫૦% કમીશન રાખવામાં આવેલ, જેમાં

૨૫% શ્રી વીણાબેન જગદીશભાઈ મોદી પરીવાર મુંબઈ

૧૦% શ્રી અમૃતલાલ કાળીદાસ મેઘાણી તથા કમળાબેન અમૃતલાલ મેઘાણી તરફથી હ. દિનેશભાઈ તથા જયવંતભાઈ, મલાડ.

૫% ગોવીન્દરામજી ગોપાલદાસ નીમાવત, રાજકોટ

૧૦% નલીનીબેન મનુભાઈ કામદાર, વડોદરા, તેમજ એક દિવસ માટે ૧૦% કમીશન ભગવતી મહિલામંડળ ઘાટકોપર તરફથી પણ રાખવામાં આવેલ. રૂા. ૪૦,૦૦૦/- ના પુસ્તકો તેમજ ફોટા આદિનું વેચાણ થયેલ હતું.

કહાન–ગુરુ-જન્મશતાબ્દીના નિમિત્તે શ્રી વીણાબેન જગદીશભાઈ મોદી તરફથી જન્મશતાબ્દી વર્ષ દરમ્યાન ૨૫% કમીશન પુસ્તકોમાં રાખવામાં આવેલ છે.

* રૂા ૫૦,૦૦૦/- શ્રી પુરીબેન શીવલાલ ગાંધી, હ. નિખિલભાઈ પ્રતાપરાય ગાંધી તરફથી દર વર્ષે

વૈશાખ સુદ ૨ ઉપર પુસ્તક વેચાણમાં ડીસ્કાઉન્ટ રાખવા માટે ધ્રુવફંડ તરીકે આવેલ છે.

* પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મ શતાબ્દી પ્રસંગે સવારનાં નાસ્તો—

૧ શ્રી ચીમનલાલ પ્રેમજી ગોસલીયા, અમદાવાદ.
૨ „ ધર્મેન્દ્રકુમાર જૈન, શિવપુરી
૩ „ હસમુખભાઈ ફુલચંદ દોશી, સીકંદરાબાદ.
૪ „ હીરાબાઈ ચાંદમલ સખલેચા, મંદસૌર.
૫ „ ભરતભાઈ શાન્તીલાલ શાહ, ઘાટકોપર.
૬ „ કાંતીલાલ અમીચંદભાઈ કામદાર, મદ્રાસ.
૭ „ સાવીત્રીબેન ગીરનારીલાલ જૈન, શિવપુરી.
૮ „ શામજી ભાણજી, ગોરેગાંવ તથા પ્રેમજી દેવજી, મલાડ
— તરફથી રાખવામાં આવ્યો હતો.

સવારનાં જમણ—

૧ શ્રી વ્રજલાલ મગનલાલ શાહ, જલગાંવ હ. લલીતાબેન
૨ „ રંભાબેન પોપટલાલ વોરા, મુંબઈ
૩ „ વીણાબેન જગદીશચંદ્ર મોદી પરીવાર, મુંબઈ

૪ શ્રી ધીરજલાલ નરોત્તમદાસ શાહ, સાન્તાક્રુઝ.
૫ ,, દોલતરાય માણેકલાલ મહેતા તથા નવલચંદ ત્રિભોવનદાસ બાવીશી, જામનગર.
હ. પુષ્પાબેન તથા કુસુમબેન.
૬ ,, ગંગાબેન પ્રેમચંદ શાહ પરીવાર, નાયરોબી હ. કિશોરભાઈ
૭ ,, ચંદ્રકાન્ત હરીલાલ તથા નૌતમલાલ હરીલાલ તથા પ્રવીણચંદ્ર હરીલાલ દોશી પરીવા
૮ ,, પરશોત્તમદાસ ઓઘડદાસ કામદાર તથા ઝવેરીબેન પરસોતમદાસ કામદાર પરીવા
૯ ,, ભીખાલાલ મગનલાલ શાહ પરિવાર, દહેગામ
— તરફથી રાખવામાં આવ્યાં હતાં.

સાંજનાં જમણ—

૧ શ્રી વ્રજલાલ મગનલાલ શાહ, જલગાંવ હ. લલીતાબેન
૨ ,, તલાટીબંધુઓ, મુંબઇ
૩ ,, રંભાબેન પોપટલાલ વોરા, મુંબઈ
૪ ,, સૂર્યકીર્તિનગર હાઉસીંગ સોસાયટી, સોનગઢ
૫ ,, કેશવલાલ વ્રજલાલ કોઠારી પરિવાર, મુંબઇ
૬ ,, ભોગીલાલ ચત્રભૂજ દોશી, ઘાટકોપર
૭ ,, ભગવાનજી કચરાભાઈ શાહ, લંડન
૮ ,, પરસોત્તમદાસ ઓઘડદાસ કામદાર તથા ઝવેરીબેન પરસોત્તમદાસ કામદાર પરીવા
૯ ,, ભીખાલાલ મગનલાલ શાહ પરીવાર, દહેગામવાળા
— તરફથી રાખવામાં આવ્યાં હતા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી ની ૧૦૦મી જન્મ-જયંતી પ્રસંગે ૧૦૦નાં અંકમ રૂા. ૨૯૬૦×૧૦૦=૨૯૬૦૦૦ આવેલ હતા.

વીડીઓ કેસેટમાં રૂા. ૨૫ કમીશન શ્રી સંઘવી ભાઈઓ તરફથી રાખવામાં આવેલ હત

*** પ્રશમમૂર્તિ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીની ૭૬મી જન્મજયંતી:—** પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રીની ૭૬મી જન્મ જયંતીને મંગલ મહોત્સવ તા. ૧૪-૮-૮૯ સોમવારથી તા. ૧૮-૮-૮૯ શુક્રવાર—પાંચ દિવસ અધ્યાત્મતત્ત્વજ્ઞાન તેમ જ દેવ-ગુરુ-ભક્તિવર્ધક વિવિધ રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામ આવશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે

—o—

**સૂચના** :— ગુજરાતી આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોને જુલાઈ '૮૯ થી જૂન '૯૦ના નવ વર્ષનું લવાજમ રૂા. ૯/- સત્વરે મોકલી આપવા વિનંતી.

# વૈરાગ્ય સમાચાર

* ઉમરાળાનિવાસી (હાલ સોનગઢ) ગં. સ્વ. શ્રી ગંગાબેન ખુશાલદાસ શાહ (વર્ષ-૯૫ લગભગ) નું (પૂજ્ય ગુરુદેવશ્રીનાં ભાભીનું) સોનગઢ મધ્યે તા. ૨૯-૩-૮૯ ના રોજ દેહાવસાન થયું છે. શ્રી ગંગાબેનને પૂજ્ય ગુરુદેવ તેમ જ પૂજ્ય ભગવતી માતા પ્રત્યે ઘણો ભક્તિભાવ હતો. તેઓ સ્વ. શ્રી ખુશાલભાઈ સાથે વિ.સં. ૧૯૯૯થી પાલેજ છોડી સોનગઢમાં સ્થાયી થયા હતા. પૂજ્ય ગુરુદેવશ્રીની અધ્યાત્મવાણીનો તેમણે ઘણા વર્ષો સુધી લાભ લીધો હતો, પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય ભગવતી માતા સાથે સંઘમાં તીર્થોની યાત્રાઓ પણ ઘણા ઉમંગથી કરી હતી. જીવનનાં પાછલાં વર્ષોમાં તેમનાથી, વૃદ્ધાવસ્થા અને શારીરિક નબળાઈને લીધે, પૂજ્ય ગુરુદેવનાં ટેપ પ્રવચન સાંભળવા આવવાનું અશક્ય થયું, ત્યારે પૂજ્ય ભગવતી માતાએ ટેપમશીન અને પૂજ્ય ગુરુદેવનાં પ્રવચનોની કેસેટો તેમને મોકલી હતી. પૂજ્ય માતાજીની કૃપાદૃષ્ટિથી તેઓ ખૂબ જ ખુશી થયા હતા, અને 'પૂજ્ય બહેનશ્રી મારું ઘણું ધ્યાન રાખે છે, તેમનો મારા ઉપર ઘણો ઉપકાર છે' એમ અવારનવાર ઉપકૃતભાવે પ્રમોદ વ્યક્ત કરતા હતા. શ્રી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેના પ્રમોદભાવથી સ્વર્ગસ્થ આત્મા શીઘ્ર આત્મકલ્યાણ પામી અનુક્રમે પરમાનંદદશા પ્રાપ્ત કરો—એ જ વૈરાગ્યભાવભીની અંજલિ.

* સુરતનિવાસી અ. સૌ. લીલાવંતીબેન મનહરલાલ શાહ (વર્ષ-૬૫) તા. ૧૫-૩-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીમહોત્સવ ઉજવવા સોનગઢ આવવાની તીવ્ર ભાવના હતી. તેમજ સુરતમાં થઈ રહેલ નૂતન જિનમંદિરની પ્રતિષ્ઠા-મહોત્સવનો ખૂબ જ ઉમંગ હતો. સુરતના મહિલા-મુમુક્ષુ મંડળમાં પણ તેઓ આગળ પડતો ભાગ લેતાં હતાં. હાર્ટની બિમારીને કારણે ઓપરેશન કરતાં તેઓનું અવસાન થયેલ છે.

* મદ્રાસનિવાસી શ્રી જયંતિલાલ નાનચંદ કામદાર (ઉમર વર્ષ ૭૩) તા. ૨૦-૪-૮૯ના રોજ હાર્ટફેઈલ થવાથી એકાએક અવસાન પામેલ છે. સોનગઢ પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મશતાબ્દી મહોત્સવમાં લાભ લેવા આવવા માટે સમસ્ત પરીવારની ટીકીટ પણ લેવાઈ ગઈ હતી. ઘણા વખતથી સોનગઢ આવવાની ખૂબ ભાવના હતી. શાસ્ત્ર-વાંચનનો ખૂબ રસ હતો. તત્ત્વ સમજવાની સાચી લગની હતી. મદ્રાસ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે તેઓએ આગળ પડતો ભાગ લીધો હતો.

* અમરેલીનિવાસી શ્રી જયંતીભાઈ અમૃતલાલ બેતાણી (વર્ષ-૫૪) તા. ૩-૪-૮૯ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* બડૌતનિવાસી પં. શ્રી ધર્મદાસજીના ધર્મપત્નિ શ્રીમતી બસકરીદેવી જૈન તા. ૪-૪-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણ શહેર નિવાસી (હાલ-અમદાવાદ) શ્રી નરેશચંદ્ર કાંતિલાલ શાંતિલાલ શાહ (નાથાભવાનવાળા) (વર્ષ-૪૦) તા. ૧૦-૪-૮૯ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* વઢવાણ શહેર નિવાસી (હાલ-મુંબઈ) શ્રી ન્યાલચંદ મૂળચંદ શાહ (ભગતભાઈ) (વર્ષ-૮૭) તા. ૧-૫-૮૯ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* મહુવાનિવાસી શ્રી મૂળજીભાઈ ગોકળદાસના માતુશ્રી શ્રી કમળાબેન (વર્ષ-૮૫ લગભગ) તા. ૨-૫-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* લીંબડીનિવાસી (હાલ-મુંબઈ) શ્રી નરોત્તમદાસ ચુનીલાલ તલસાણીયા (વર્ષ-૬૫) તા. ૧૪-૫-૮૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* જામનગરનિવાસી (હાલ-સોનગઢ) શ્રી ગુલાબબેન લીલાધરભાઈ વકીલ (વર્ષ-૭૯) તા. ૨૪-૫-૮૯ના રોજ અંતિમ ઘડી સુધી જાગૃતિ પૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ચૌદ વર્ષની નાની ઉંમરથી કૃપાળુ ગુરુદેવશ્રીના સતસમાગમમાં આવીને તેઓશ્રીનો તેમજ પૂજ્ય બહેનશ્રીનો સતત ઘણો જ લાભ લીધો હતો.

નાગનેશ નિવાસી (હાલ-ગોધરા) શ્રી અમૃતલાલ હીરજીલાલ કસ્તુરચંદ જોબાલિયા (વર્ષ-૫૭) તા. ૨૫-૩-૮૯ના રોજ હાર્ટ ફેઈલ થવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

* સાવરકુંડલાનિવાસી શ્રી દલસુખભાઈ જગજીવનદાસ દોશીના સુપુત્રી અ. સૌ. મીતાબેન (વર્ષ-૩૦) બસ-એક્સીડન્ટમાં સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

卐

# * સુરતમાં આયોજિત વેદી-પ્રતિષ્ઠા *

'પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી-જન્મશતાબ્દી' મહોત્સવ અંતર્ગત, સુરત દિ. જૈન મુમુક્ષુમંડળ દ્વારા આયોજિત, નવનિર્મિત શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરની વેદીપ્રતિષ્ઠાનો સમારોહ કલ્પનાતીત સફળ રહ્યો. તા. ૨૯-૫-૮૯ થી તા. ૩૧-૫-૮૯—ત્રણ દિવસીય મંગલ મહોત્સવમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કરવામાં આવેલા બધા મંગલ અનુષ્ઠાન મુમુક્ષુ સમાજ તેમ જ સમાગત મહેમાનો માટે આનંદદાયી રહ્યા હતા. મલાડ, ઘાટકોપર દાદર, મુંબઈ, રાજકોટ, જલગાંવ, સોનગઢ, ઇન્દોર, ભોપાલ, અમદાવાદ, આણંદ, બોટાદ આદિ અનેક શહેરોના લગભગ ૫૦૦ થી વધુ મુમુક્ષુઓ આ મંગલ મહોત્સવનો લાભ લેવા સુરત આવ્યા હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિ-માર્ગપ્રકાશક આધ્યાત્મિક ટેપ પ્રવચન ઉપરાંત વિદ્વાન શ્રી ચીમનભાઈ મોદી, શ્રી સુભાષભાઈ શેઠ, તેમ જ શ્રી દેવજીભાઈ પટેલના દેવ-ગુરુભક્તિભીના શાસ્ત્રપ્રવચન પણ રોચક હતા. પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભવમાર્ગપ્રકાશક માર્મિક ટેપપ્રવચનોથી તેમ જ પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની અનુભવરસભરી વિડિયો ધર્મચર્ચાથી ઉપસ્થિત સર્વે મુમુક્ષુઓ અત્યંત પ્રભાવિત થયા હતા, જેના લીધે તેઓશ્રીની સ્વાનુભવભીની સાધના પરિણતિ પ્રત્યે ભક્તિભાવથી બધાના મસ્તક ઝૂકી જતા હતા. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મંગલ આશીર્વાદથી સુસમ્પન્ન આ વેદીપ્રતિષ્ઠા મહોત્સવમાં વિવિધ ઉછામણીઓ દ્વારા શ્રી સીમંધરસ્વામી દિ. જિન મંદિર, સુરતમાં ૮II લાખ રૂપિયાની આવક થઈ હતી. ઉછામણીઓનો લાભ મુખ્યતઃ સુરત નિવાસી મુમુક્ષુઓએ અત્યંત આનંદોલ્લાસ પૂર્વક લીધો હતો. પરમ તારણહાર પરમ પૂજ્ય પરમ કૃપાળુ શ્રી ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે તેમજ દેવ-ગુરુની અનુપમ મહિમા સમજાવનાર પૂજ્ય ભગવતી માતાના આશીર્વાદથી વીતરાગી જિનેન્દ્રદેવ તેમ જ જિનમંદિર તથા સ્વાધ્યાય મંદિરની પ્રાપ્તિ થવાથી તેઓ સર્વેના હૃદય ઉપકૃતભાવભીના હર્ષોલ્લાસથી છવાઈ ગયા હતા.

—૦—

અધ્યાત્મવિદ્યાધામ સુવર્ણપુરીમાં—

# ✻ પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ ✻

પરમ પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ તીર્થધામ સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રીની ૭૭મી જન્મજયંતીના શુભ-અવસરે તા. ૩૦-૭-૮૯ રવિવાર થી તા. ૧૮-૮-૮૯ સુધી ૨૦ દિવસનો પુરુષો માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થી મુમુક્ષુઓને હાર્દિક આમંત્રણ છે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. પોતાનું બેડીંગ, આવશ્યક વસ્તુ તથા સમયસાર, પ્રવચનસાર, છઢાળા, પ્રશ્નોત્તરમાળા પોતાની પાસે હોય તો સાથે લાવવા વિનંતી.

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૯/- પ્રત : ૩૨૦૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 3 ' Licensed to post without prepayment '

356 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012